2025-26

# રાષ્ટ્રીય સેવા યોજના (NSS)

## વાર્ષિક અહેવાલ

**(1)** વિશ્વયોગ દિવસ નિમિત્તે 21/06/2025 ના રોજ સૂર્ય નમસ્કાર તથા યોગ દિવસની ઉજવણી કરી, જેમાં સમગ્ર ભવન્સ સ્ટાફ પરિવાર તથા 65 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

**(2)** 8/08/2025 ના રોજ એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ માટે અભિમુખતા અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં 125 જેટલા વિદ્યાર્થીઓએ જોડાઇને પેટલાદ કૉમર્સ કૉલેજના પ્રોફેસર ડૉ.જે.એમ.પટેલ પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું.

**(3)** 14/08/2025 ના રોજ ડાકોર પોલિસ સ્ટેશન ખાતે વીરોને વંદન કાર્યક્રમ હેઠળ પોલિસ કર્મચારીઓના સન્માન નો કાર્યક્રમ તથા ડાકોર નગરમાં તીરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

**(4)** તા.15-08-2025 ના રોજ સ્વતંત્રતા દિવસની ઉજવણી સરદાર પટેલ યુનિવર્સિટી ના ડે.રજિસ્ટ્રાર ડૉ.એસ.જી.પારેખ તથા અશક્તાશ્રમ ના સંચાલક શ્રીમતી રૂપાબેન દરજી ના વરદ હસ્તે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, જેમાં 100 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

**(5)** તા.2-10-2025 ના રોજ ગાંધી જયંતી ઉજવણી પ્રસંગે ડાકોર ખાતે સ્વચ્છતા અભિયાન કરવામાં આવ્યુ હતું.

**(6)** તા.22/12/2025 ના રોજ ભવન્સ કૉલેજના પ્રથમ વર્ષના વિધ્યાર્થીઓ માટે થેલેસેમિયા માઇનોર સ્ક્રિનિંગ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં 204 જેટલા વિધ્યાર્થીઓએ લાભ લીધો હતો.

**(7)** 26-01-2026 ના રોજ ખેડા જીલ્લા ના ગણતંત્ર દિવસની ઉજવણી ભવન્સ કૉલેજના મેદાનમા ગુજરાત સરકારના મંત્રીશ્રી ના વરદ હસ્તે કરવામાં આવી હતી જેમાં 32 જેટલા વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતના ડાન્સ પરફોર્મન્સ માં ભાગ લીધો હતો.

**(8)** તા. 31-01-2026 થી 06-02-2026 દરમિયાન એન.એસ.એસ વાર્ષિક શિબિરનું અયોજન નેશ મુકામે કરવામાં આવ્યું જેમાં 47 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, શિબિરમાં પ્રભાત ફેરી, યોગા-પ્રાણાયામ,સ્વાસ્થ્ય જાગૃતિ,વ્યસન મુક્તિ, સામાજિક,સાંસ્કૃતિક અને અધ્યાત્મિક જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા, ઉપરાંત મેડીકલ ચેકઅપ કેમ્પ, તીરંગા યાત્રા, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, પશુ ચિકિત્સા-સારવાર-નિદાન કેમ્પ, નેશનલ અને કોર્પોરેટ ટ્રેનર દ્વારા ટ્રેનિંગ પ્રોગ્રામો અને લેક્ચર તથા કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.